જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૭/૧/૨૦૧૫ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૫૦/૧૫**

**ક્રાઇમ બ્રાન્ચ :**

### બેંક ખાતામાંથી ઓનલાઇન આર.ટી.જી.એસ. થી ૯૫ લાખ પડાવી લેનાર ગેંગના બે સભ્યોને કાનપુરથી ઝડ્ડપી કરવામાં આવ્યા.

નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ શહેરનાઓની સુચનાથી અને મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી કે.એન.પટેલ નાઓના માર્ગદર્શન હેઠળ સાયબર સેલના પોલીસ ઇન્સપેક્ટરશ્રી એચ.એ.રાઠોડ સાહેબનાઓએ કસ્ટમરનુ સીમ કાર્ડ બંધ કરાવી તે જ નંબરનુ નવુ સીમ કાર્ડ મેળવી બેંકમાંથી ઓનલાઇન રુા.૯૪,૪૦,૦૦૦/- ના ટ્રાન્જેકશન કરી મેળવી લેનાર ગેંગના (૧) જય ઉર્ફે અજય ઉર્ફે પ્રેમકુમાર ઉર્ફે સુનીલ પટેલ ઉર્ફે અભિષેક ચૌરસીયા પ્રકાશકુમાર તિવારી ઉવ.૨૩ રહે.૧/૩, હરિપ્રસાદનગર, આલમબાગ, લખનૌ, ઉત્તરપ્રદેશ તથા (૨) પવનકુમાર જગદીશકુમાર કાયસ્થ, ઉવ.૪૯, રહેવાસી ઃ ૨૬૮, દુબે હાર, વિનાયકપુર, કલ્યાણપુર, કાનપુર, ઉત્તરપ્રદેશ નાઓને પકડી પાડેલ છે.

અમદાવાદ, જેતલપુર મુકામે શ્રી શંકર રાઇસ મીલ ચલાવતા ચંદ્રકાંત ચીમનલાલ પટેલ નાઓને અજય નામના ઇસમે ફોન કરી હુ રીલાયન્સ કોમ્યુનીકેશન કંપનીમાંથી બોલુ છુ અને તમારુ કેવાયસી અપુરતુ હોઇ જેથી તમારુ એક આઇડી પ્રુફ મેઇલથી મોકલી આપો તેમ જણાવી રીલાયન્સ મુમ્બઇ કંપનીને મળતુ ભળતુ ઇમેઇલ આઇડી reliance.mum@mail.com આપેલ. જેથી ફરિયાદીએ પોતાના ડ્રાઇવીંગ લાયસન્સની કોપી કરી સ્કેન કરી આરોપીના બતાવેલ ઇમેઇલ આઇડી પર મોકલી આપેલ. જે પછી બીજા દિવસે તા.૩૦.૧૨.૨૦૧૪ ના રોજ ફરિયાદીના બેંક એકાઉન્ટમાંથી રુા.૯૪,૪૦,૦૦૦/- ઓનલાઇન આર.ટી.જી.એસ.થી ઉત્તરપ્રદેશ લખનૌ ખાતે આવેલ અલગ અલગ બેંક એકાઉન્ટસમાં ટ્રાન્સફર થઇ ગયેલ. જેથી ચંદ્રકાંતભાઇએ સાયબર ક્રાઇમ સેલમાં પો.સ.ઇ.શ્રી બી.એચ.કોરોટ નાઓ સમક્ષ પોતાની ફરિયાદ લખાવેલ. જે ફરિયાદની તપાસ પો.ઇન્સ.શ્રી એચ.એ.રાઠોડ સાહેબનાઓએ હાથ ધરેલ અને ફરિયાદીશ્રીએ જણાવેલ જુદા જુદા બેંક ખાતાઓની માહિતી મેળવવા તજવીજ હાથ ધરેલ અને પોસઇશ્રી બી.એચ.કોરોટ નાઓ સાથેની એક ટીમ ઉત્તરપ્રદેશ તપાસમાં રવાના કરેલ.

પો.સ.ઇ.શ્રી બી.એચ.કોરોટ નાઓએ યુ.પી.કાનપુર મુકામે જઇ બેંક એકાઉન્ટ ધારક શીવબરન શીવપ્રસાદ વર્મા ઉવ.૪૫, રહે.પ્લોટ નં.૨૯, આવાસ વિકાસ, આંબેડકરપુરમ, કલ્યાણપુર, કાનપુર ને શોધી કાઢેલ અને મજકુરની પુછપરછ કરતા તેણે પવનકુમાર જગદીશકુમાર કાયસ્થના કહેવાથી આ યુનીયન બેંક ઓફ ઇન્ડીયાનુ પોતાનુ બેંક એકાઉન્ટ આપેલ અને તેમા પૈસા આવશે તેમ કહેલ, જેથી જગદીશ કાયસ્થની તપાસ કરતા તે મળી આવેલ અને તેણે લખનૌ મુકામે જમીન મકાન લે-વેચનુ કામ કરતા પોતાના મિત્ર અજય તિવારીએ જમીન લે-વેચના સોદાના રુપીયા આવવાના હોવાથી એક બેંક એકાઉન્ટ માંગેલ અને આ એકાઉન્ટમાં જેટલા રુપીયા આવશે તે ઉપાડી

તેને આપી દેવાથી અજ્ય ૧૫ ટકા કમિશન આપશે તેમ કહેલ, જેથી પોતે શીવભરનનુ બેંક એકાઉન્ટ આપેલ હોવાની હકિકત જણાવેલ અને મજકુરને સાથે રાખી તપાસ કરતા જય ઉર્ફે અજ્ય ઉર્ફે પ્રેમકુમાર ઉર્ફે સુનીલ પટેલ ઉર્ફે અભિષેક ચૌરસીયાનો મળી આવેલ. જેની પુછપરછ કરતા જેમ્સ ઇબીગો નામના નાઇઝીરીયન અને સુનીલ સીંગ નાઓને છેલ્લા છએક માસથી ઓળખે છે અને તેઓના કહેવાથી પોતે વડોદરા ફતેહગંજ વિસ્તારમાં આવેલ અને તેણે જ ફરિયાદીનુ સીમકાર્ડ ખોવાઇ ગયેલ છે અને આ જ નંબરનુ સીમ કાર્ડ જોઇએ છે તેમ કહી ફરિયાદીનુ ડ્રાઇવીંગ લાયસન્સની નકલ આપી ખોવાઇ ગયેલ સીમ કાર્ડ બંધ કરાવેલ અને નવુ આ જ નંબરનુ સીમ કાર્ડ લઇ લીધેલ. જે પછી નાઇઝીરીયન માણસે ફરિયાદીના બેંક ખાતામાંથી ઓનલાઇન આરટીજીએસ થી ટ્રાન્જેક્શન કરેલ જેમાં કોડ નંબર ફરિયાદીના સીમ કાર્ડ પર આવેલ જે કોડ નંબર અજ્યે પોતે ફોનથી નાઇઝીરીયનને લખાવી દીધેલ હતો. આ નાઇઝીરીયન અને સુનીલ સીગએ અજ્ય ઉર્ફે જય ને રૂા.૨૫૦૦૦/- આપવાનુ નકકી કરેલ તેવુ મજકુર ઇસમે જણાવેલ છે. આ દરમ્યાન ઝડપી કાર્યવાહીને કારણે તેમજ બેંક એકાઉન્ટ ધારક શીવભરનની સતર્કતાને કારણે આ આરોપી પવનકુમાર માત્ર ચાર લાખ રુપીયા જ ઉપાડવામાં સફળ રહેલ અને આ જ ખાતામાં રૂા.૧૧ લાખ જમા રહેલ છે.

જેથી ઉપરોક્ત જય ઉર્ફે અજ્ય ઉર્ફે પ્રેમકુમાર ઉર્ફે સુનીલ પટેલ ઉર્ફે અભિષેક ચૌરસીયા તથા પવનકુમાર જગદીશકુમાર કાયસ્થનાઓની ધરપકડ કરી પો.ઇ.શ્રી એચ.એ.રાઠોડ સા.નાઓએ આગળની કાર્યવાહી હાથ ધરેલ છે. જેમાં જય ઉર્ફે અજ્ય ઉર્ફે પ્રેમકુમાર ઉર્ફે સુનીલ પટેલ ઉર્ફે અભિષેક ચૌરસીયાનાએ નાઇઝીરીયન સાથે મળીને અગાઉ નડીયાદ, જી.ખેડા માંથી પણ એક જણનુ સીમ કાર્ડ બંધ કરાવેલ અને ઓનલાઇન આરટીજીએસથી નાણાં ઉપાડવા પ્રયત્ન કરેલ પરંતુ સફળ થયેલ નહીં હોવાનુ જણાવેલ છે. તેમજ કોઇમ્બતુરની કોઇ કંપનીનુ પણ આ રીતે ચીટીંગ કરેલ હોવાનુ જણાવેલ છે.

**<u>"સેકટર.૨ સ્કોર્ડ ડુપ્લીકેટ દસ્તાવેજો બનાવી ઠગાઇ કરતાં તેમજ વાહન ચોરી કરતાં એક ઇસમની રૂ.૧,૪૫,૩૦૦/- ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી સાતથી વધુ ગુનાનો ભેદ ઉકેલ્યો."</u>**

સંયુકત પોલીસ કમિશ્નરશ્રી મનોજ શશીધર સેકટર.૨ અમદાવાદ શહેર નાઓ તરફથી સેકટર.૨ સ્કોર્ડ પોસઇ એચ.વી.સીસારા નાઓને સુચના મળેલ કે, શહેરમાં મિલકત સબંધી ગુનાઓ વધવા પામેલ છે જેથી ચોર મુદ્દામાલનુ પગેરુ શોધી કાયદેસર કાર્યવાહી કરવી જે અનુસંધાને સ્કોડના પોસઇ એચ.વી.સીસારા તથા હેકો મનોજકુમાર, હેકો બળવંતભાઇ, હેકો પ્રહલાદસિંહ, હેકો જયેન્દ્રસિંહ, હેકો રાજેશકુમાર તથા પોકો પ્રવીણસિંહ એ રીતેના સેકટર.૨ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં દરમ્યાન સ્કોડને મળેલ ખાનગી અને આધારભુત બાતમી હકિકત આધારે મણીનગર આવકાર હોલથી હીરાભાઇ ટાવર જતાં સહજાનંદ એપાર્ટમેન્ટ પાસે આવેલ સુખીપુરાના ખુલ્લા મેદાનમાંથી પ્રદિપસીંગ ઉર્ફે પંકજ ઉર્ફે લાલા સ/ઓ રામશ્રય શીવલાલસીંગ જાતે સીંગ (કુસ્વાહ) ઉવ.૨૮ રહે.પ્લોટ નં.૩૩/બી, યોગીનગર સોસાયટી, રાજપીપળા રોડ, અંકલેશ્વર જિ.ભરુચ મુળવતન.ગામ-મેહુતી, તા.રઘુનાથનગર, જિ.સતના, થાના.જૈતવારા, મધ્યપ્રદેશ નાનો શંકાસ્પદ હાલતમાં બે મોટર સાયકલ, એક ટીવી, એક એલઇડી ટીવી, એક ટેબલેટ, એક મોબાઇલ ફોન તથા અન્ય બોગસ દસ્તાવેજો સહિત કુલ્લે કિ.રુ.૧,૪૫,૩૦૦/- ના મુદ્દામાલ સાથે મળી આવેલ હોય તા.૬.૦૧.૨૦૧૫ ના કલાક ૧૫/૦૦ વાગે ધરપકડ કરી મણીનગર પોલીસ સ્ટેશન સોંપવાની તજવીજ ચાલુ છે.

પકડાયેલ આરોપીની પુછપરછ દરમ્યાન એવી હકિકત જણાયેલ છે કે, પકડાયેલ આરોપી પ્રદીપસીંગ ઉર્ફે પંકજ ઉર્ફે લાલા નાનો મધ્યપ્રદેશના સતના જિલ્લાનો વતની છે સદરીના પિતા રામશ્રય અંકલેશ્વર ખાતે હીટ્રીકટ એન્જીનીયરીંગ કંપનીમાં સીકયુરીટી સુપરવાઇઝર તરીકે નોકરી કરે છે તથા એક ભાઇ રાકેશ નાનો અંકલેશ્વર ખાતે શીક્ષક તરીકે નોકરી કરે છે અને માતા તથા તેમજ બીજા ભાઇ બહેન મધ્યપ્રદેશ ખાતે વતનમાં રહે છે પકડાયેલ પ્રદીપસીંગ ઉર્ફે પંકજ ઉર્ફે લાલા નાનો નોકરીની શોધમાં સગાં સબંધીના રેફરન્સથી હૈદરાબાદ ગયેલ જ્યાં નોકરી કરવા લાગેલ અને આ દરમ્યાન મોજશોખ પુરા કરવા એક પલ્સર બાઇકની ચોરી કરેલ અને પાંચેક

મહિના આ બાઇકનો ઉપયોગ કરેલ બાદ જે કંપનીમાં નોકરી કરેલ તે કંપનીમાં રોકડ નાણાંની ઉચાપત કરી ચોરી કરેલ પલ્સર બાઇક હૈદરાબાદ ખાતે બીનવારસી હાલતમાં મુકી અમદાવાદ આવી આનંદનગર ખાતે આવેલ કે.એમ.સ્માર્ટ.કલાઉડ પ્રા.લી.ખાતે નાએ આસી.મેનેજર એકાઉન્ટસ તરીકે નોકરી કરવા લાગેલ અને નોકરી દરમ્યાન માલીક મનોજ ભાસ્કરનો વિશ્ર્વાસ કેળવી કંપનીના ડોકયુમેન્ટ આધારે પોતાના બેંક એકાઉન્ટ ખોલાવી એક લાખ રુપીયાની ઉચાપત કરેલ અને તા.૨૫/૧૨/૧૪ ના રોજ કંપનીમાંથી રુ.૪૦,૦૦૦/- તથા એક ટેબલેટ ફોનની ચોરી કરી સેલવાસ નાસી ગયેલ જે બાબતે આનંદનગર પોલીસ સ્ટેશનમાં મનોજ ભાસ્કર ધ્વારા કાયદેસર ફરીયાદ પણ આપવામાં આવેલ છે એ રીતે બે-અઢી માસ સુધી અમદાવાદમાં રોકાયેલ અને લાંભાં ગામ ખાતે ઇન્દીરાનગરમાં ભાડાના મકાનમાં રોકાયેલ આ દરમ્યાન પકડાયેલ આરોપીએ મણીનગર તથા શ્યામલ ચાર રસ્તા ખાતેથી બે બાઇકની ચોરી કરેલ જે બન્ને બાઇકો સાથે આજરોજ પકડાયેલ છે.

પકડાયેલ આરોપીએ બી.કોમ.સુધી અભ્યાસ કરેલ છે તેમજ ટેલી નો કોમ્પ્યુટર કોર્સ તથા પી.જી.ડી.સી.એ.પણ કરેલ છે જેથી કોમ્પ્યુટર તથા એકાઉન્ટ સબંધી સારુ એવુ જ્ઞાન ધરાવતો હોય પોતે અલગ અલગ નામથી કંપનીઓમાં એકાઉન્ટ ડીપાર્ટમેન્ટમાં નોકરી મેળવી માલીકનો વિશ્ર્વાસ કેળવી ઉચાપત કરવાની એમ.ઓ. ધરાવે છે તેમજ પોતાના મોજશોખ સારુ બાઇક ચોરી કરતો હતો તેમજ અલગ અલગ ઇસમોના વોટર આઇડી કાર્ડ, લાયસન્સ, પાસપોર્ટ, પાનકાર્ડ, તેમજ માર્કશીટ જેવા દસ્તાવેજો ભેગા કરી નામ તથા ફોટો બદલી તેનો મોબાઇલ સીમ કાર્ડ લેવા તથા નોકરી મેળવવા ઉપયોગ કરતો હતો.

પકડાયેલ આરોપી પાસેથી ડુપ્લીકેટ પાનકાર્ડ, ઉત્તરપ્રદેશના ડુપ્લીકેટ ચુંટણી કાર્ડ તથા કેરલાનુ ડ્રાઇવીંગ લાયસન્સ તથા હૈદ્રાબાદમાંથી ચોરેલ પલ્સર મો.સા.નુ ડુપ્લીકેટ આરટીઓ સ્માર્ટ કાર્ડ તથા અન્ય અલગ અલગ ઇસમોના ચુંટણી કાર્ડ, પાનકાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સની ઝેરોક્ષ કોપી તથા ફોટોગ્રાફસ તેમજ કંપનીઓમાં નોકરી મેળવવા પોતાના અલગ અલગ નામથી બનાવેલ પર્સનલ બાયોડેટા લેટર મળી આવેલ હોય કબ્જે કરવામાં આવેલ છે.

પકડાયેલની વધુ પુછપરછ કરતાં આજદીન સુધીમાં તેણે હૈદ્રાબાદ ખાતેની તીરુપતિ પેપર કોર કંપનીમાં તથા અમદાવાદ ખાતેની કે.એમ.સ્માર્ટ કલાઉડ પ્રા.લી કંપનીમાં તથા સતના એમ.પી ખાતે જ્ઞાનુ કંપનીમાં રોકડ રકમ તથા ચેક ધ્વારા ઠગાઇ કરેલ અને આ નોકરી દરમ્યાન હૈદ્રાબાદ ખાતે પલ્સર ચોરી-૧, અમદાવાદ ખાતે બાઇક ચોરી-૨, સતના ખાતે હોન્ડા સાઇન ચોરી-૧, વાપી ખાતે બાઇક ચોરી-૧ મળી કુલ્લે પાંચ જેટલી મોટર સાયકલ ચોરી કરેલ હોવાની કબુલાત કરે છે.

આમ પકડાયેલ આરોપી પ્રદિપસીંગ ઉર્ફે પંકજ ઉર્ફે લાલા સ/ઓ રામશ્રય શીવલાલસીંગ જાતે સીંગ (કુસ્વાહ) નાનો એકાઉન્ટસને લગતી તમામ વિગતોનો જાણકાર છે તેમજ કોમ્પ્યુટરનુ સારુ એવુ જ્ઞાન ધરાવે છે અને અલગ અલગ રાજયોમાં જઇ ઠગાઇ અને ચોરીના ગુનાઓ આચરેલ છે જેમાં સતના એમ.પી.ખાતે ના કોલગાંવ પોલીસ સ્ટેશનમાં ઠગાઇ અને ચોરીના ગુનામા સને.૨૦૧૧ માં ગુનામાં પકડાયેલ છે પકડાયેલ આરોપી પાસેથી અલગ અલગ દસ્તાવેજોની ચકાસણી કરતાં તેની પાસે મળી આવેલ બીજાના નામ સરનામાવાળા ચુંટણી કાર્ડ, પાનકાર્ડ ઉપર પોતાના ફોટો કોમ્પ્યુટરથી સેટ કરી અલગ અલગ કંપનીઓમાં ખોટુ નામ સરનામુ ધારણ કરી પોતાની કામ કરવાની કુશળશૈલીથી કંપનીમાં માલીકનો વિશ્ર્વાસ કેળવી કંપનીના નામ ઉપર જ નવો મોબાઇલ નંબર મેળવી તથા નવા બેંક એકાઉન્ટ ખોલાવી ચેક તથા રોકડની ઉચાપત કરતો હોવાનુ તપાસ દરમ્યાન જણાઇ આવેલ છે.અને પકડાયેલ આરોપીએ હૈદ્રાબાદ, અમદાવાદ, અંકલેશ્ર્વર, વાપી સેલવાસ, સતના એમ.પી.સિવાયની કઇ કંપનીઓમાં ઠગાઇ કરેલ છે ? તેમજ અન્ય કેટલા વાહનોની ચોરી કરેલ છે તેમજ ડુપ્લીકેટ દસ્તાવેજો બનાવી તેનો કયાં કયાં ઉપયોગ કરેલ છે ? વિગેર બાબતે પોલીસ તપાસ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.